| | | | | |
|---|---|---|---|---|
| | અરજી દાખલ થયા તા. | ૧૦.૦૩.૨૦૨૬ | | |
| | અરજી રજીસ્ટરે નોંધ્યા તા. | ૧૦.૦૩.૨૦૨૬ | | |
| | અરજી ફેસલ કર્યા તા. | ૧૩.૦૩.૨૦૨૬ | | |
| | સમયગાળો | દિ. | મા. | વર્ષ |
| | | | | |

**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૮૭ /૨૦૨૬**
**આંકઃ**

**જુનાગઢના સેશન્સ જજશ્રીની કોર્ટમાં.મુ. જુનાગઢ .**

**અરજદાર:–** **કિશનભાઇ મનોજભાઇ સવસાણી**
**(તે મધુસુદન એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર)**
ઉ.વ.૩૫, ધંધો–વેપાર
રહે. શોપ નં. ૩૨, ગ્રાઉન્ડ ફલોર, તિરૂપતિ પ્લાઝા,
વલસાડ

**૦ વિરૂધ્ધ ૦**

**સામાવાળા :–ધી સ્ટેટ ઓફ ગુજરાત**

| | | |
|---|---|---|
| **અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી** | : | **ડી.એસ.શેખ** |
| **સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી.** | : | **ડી.સી.ઠાકર** |

**વિષય : –** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.

## // ઠરાવ //

**(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

**૧.૧** આ કામમાં જે એફ.આઇ.આર. રજુ છે તેમાં કોલમ નં.૧૨ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

'' તે એવી રીતે કે આ કામના આરોપી મધુસુદન એન્ટરપ્રાઇઝ નામની પેઢી ચલાવતા હોય જેઓ ફરીયાદી તથા સાહેદોના કાયમી દલાલ રાકેશભાઈ કારીયાના જુના ઓળખીતા વેપારી હોય અને છેલ્લા બે વર્ષથી રાકેશભાઇ કારીયા મારફતે

જુનાગઢ ના અલગ અલગ વેપારીઓ સાથે વેપાર કરતા હોય જે ઓળખાણનો લાભ લઇ ફરીયાદી સાથે છેતરપીંડી કરવાના ઈરાદે આરોપીએ માહે ૦૯.૨૦૨૫ થી દલાલ રાકેશભાઈ કારીયા મારફતે ફોનમાં વેપારની વાત કરી અને ફરીયાદીને આરોપી પોતે શીગદાણાનો મોટો વેપાર કરતા હોય તેવુ જણાવી અને આરોપીએ ફરીયાદી સાથે ફોનમા વાત કરી પોતાની સાથે વેપાર કરશે તો કાયમી માટે મોટો વેપાર થશે અને મોટો નફો અપાવશે અને મોટુ માર્કેટ કરી આપશે તેવો જુના અને કાયમી વેપારીના નાતે ફરીયાદી ઉપર વિશ્વાસ ઉભો કરી અને ફરીયાદી સાથે વેપાર કરી કુલ રૂ.૭.૮૦.૯૩૭ નો માલ ખરીદ કરી તેમ જ અન્ય ૧૩ વેપારી સાહેદો સાથે પણ આવી જ રીતે કુલ રૂ.૪૫.૦૨.૭૨૨ ની રકમનો શીંગદાણાનો માલ ખરીદ કરી ફરીયાદી તથા સાહેદોના મળી કુલ રૂ.૫૨.૮૩.૬૫૯ ની રકમનો શીંગદાણાનો માલ ખરીદ કરી થોડા થોડા દિવસે પેમેન્ટ આપવાના વિશ્વાસમાં રાખી આજદિન સુધી ફરીયાદીએ માલ આપેલ તેનું પેમેન્ટ નહી ચુકવી કે માલ પણ પરત નહી આપી આરોપીએ ફરીયાદી તથા સાહેદોના મળી કુલ રૂ.૫૨.૮૩.૬૫૯ ઓળવી જઇ અને પોતે મોટા વેપારી હોવા છતા ફરીયાદી જેવા નાના વેપારીઓ સાથે ગુન્હાહીત વિશ્વાસઘાત કરી ગુન્હો કર્યા બાબત.’’

**૧.૨** ઉપરોકત હકીકત બાબતે જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૨૫૨૫૦૯૧૯ /૨૫ થી બી.એન.એસ.ની કલમ-૩૧૬(૫) મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે અને તે ગુનાસંદર્ભે જયુડીશ્યલ કસ્ટડીમાં હોવાથી હાલની જામીન અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ હેઠળ જામીન મળવા અરજી કરવામાં આવેલ છે.

## (૨) જામીન અરજીની હકીકત :

આરોપી તર્ફે જામીન અરજીમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે

'' **૨.૧** અરજદાર વિરૂધ્ધની એફ.આઈ.આર. માં જે કાયદાની કલમો મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ છે તેવા કાયદા મુજબની કલમો હેઠળ ગુન્હો નોંધવા અંગેનું હાલ કોઈ અસ્તિત્વ જ નથી.

**૨.૨** એફ. આઈ. આર. માં નિર્દિષ્ટ ગુન્હાહિત વિશ્વાસઘાત અંગે અરજદારને કોઈ જ અંગત જાણકારી નથી કે અરજદારે કોઈ ગુન્હાહિત વિશ્વાસઘાત કરેલ નથી. અરજદારે ફક્ત ફરિયાદી સાથે કાયદેસરનો વેપાર જ કરેલ છે. તેથી પણ અરજદારને

જામીન–મુક્ત કરવાનો હુકમ ફરમાવવા ન્યાયના હિતમાં નમ્ર અરજ છે.

**૨.3** અરજદારે કોઈ જ નાણાંકીય કે ભૌતિક લાભ લીધેલ નથી.

**૨.૪** અરજદારએ આજ–દિન સુધી પોલીસને તપાસમાં પુરેપુરો સહકાર આપેલ છે અને ભવિષ્યમાં પણ આપતા રહેશે.

**૨.૫** અરજદાર કહેવાતી ગુન્હાહીત પ્રવૃતિમાં લાભ લેનાર કે હિત ધરાવનાર નથી.

**૨.૬** એફ. આઈ. આર. મુજબ કહેવાતો ગુન્હો આશરે ૩ માસ મોડો નોંધાવા અંગે ફરીયાદી દ્વારા કોઈ જ સંતોષકારક કારણ આપવામાં આવેલ ન હોય, જે હકીકત ઘણી જ સૂચક છે, તેથી પણ અરજદારને જામીન–મુક્ત કરવાનો હુકમ ફરમાવવા ન્યાયના હિતમાં નમ્ર અરજ છે.

**૨.૭** અરજદાર તદ્દન નિર્દોષ છે અને હાલના કહેવાતા બનાવમાં અરજદાર ઉપર દ્વેશભાવ રાખીને ખોટી રીતે સંડોવી દેવાનો પ્રયાસ કરવામાં આવતો હોવાનું જણાય છે.

**૨.૮** અરજદાર પ્રતિષ્ઠા ધરાવતા હોય તેમજ કુટુંબ–કબીલાવાળા માણસો હોય કયાંય નાસી–ભાગી જાય તેમ નથી, અરજદાર પોતાના શહેરમાં મિલ્કતો ધરાવે છે.

**૨.૯** અરજદારને ગુન્હાના કામે સંડોવતો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર ન હોવા છતાં તેમને ખોટી રીતે અટક કરવામાં આવેલ છે.

**૨.૧૦** પ્રથમ દર્શનીય રીતે અરજદારે કોઈ જ ગુન્હો કરેલ હોય તેવું ફલીત થતું નથી. જેથી અરજદાર રેગ્યુલર જામીન મેળવવા પાત્ર છે.

**૨.૧૧** અરજદારને રેગ્યુલર જામીન પર મુકત કરતી વખતે નામદાર અદાલત દ્વારા જે કંઈપણ શરતો ફરમાવવામાં આવશે તેનું ચુસ્તપણે પાલન કરશે તેની આથી બાંહેધરી આપવામાં આવે છે તેમજ સાક્ષી પુરાવાને ચેડા કરશે નહી કે ફોડશે નહી કે તેવા કોઈ ગેરકાનુની કૃત્યો કરવાનો પ્રયત્નો કરશે નહી. જો અરજદારને વધુ સમય જેલ હવાલે રાખવામાં આવે તો અરજદારનું ઘર તદન ભાંગી જાય તેવી પરિસ્થિતિમાં આવી પડે અને અરજદારને શારીરિક, માનસીક, આર્થિક તેમજ સામાજિક રીતે બહુ મોટી નુકશાની થાય તેવી પરિસ્થિતિમાં તેઓ મુકાય જાય તેમ હોય તેથી અરજદારને યોગ્ય શરતે રેગ્યુલર જામીન આપવા નમ્ર અરજ છે.

**૨.૧૨** અરજદાર નામદાર ગુજરાત હાઈકોર્ટ ૧૯૯૨(૨) ગુજરાત લો રીપોર્ટર પાના નં. :–૪૧૬૦ થી પ્રસિધ્ધ થયેલ ચુકાદો શ્રીમતી નીતાબેન મહેતા (વિ.) ગુજરાત રાજયના કામમાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો ઉપર પણ આધાર રાખે છે. તેથી પણ રેગ્યુલર જામીનનો આદેશ મેળવવાને પાત્ર છે.

**૨.૧૩** જયાં સુધી કોઈપણ વ્યકિત સામેના આરોપો પુરવાર ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ જ માનવો જોઈએ તેવો ભારતીય ફોજદારી ન્યાયશાસ્ત્રનો સિધ્ધાંત છે અને તે સિધ્ધાંત રેગ્યુલર જામીનના તબકકે પણ લાગુ પડે છે તેવું નામદાર સુપ્રીમ કોર્ટે ગુરૂબક્ષસિંહ સિબિયાના કામમાં ઠરાવેલ છે. જે ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લઈને પણ અરજદાર રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હકકદાર છે.

**૨.૧૪** "જામીન એ નિયમ અને જેલ એ અપવાદ" તેવો સિધ્ધાંત નામ. સર્વોચ્ચ અદાલતે જુદા-જુદા કિસ્સાઓથી પ્રતિપાદિત કરેલો છે. જે બારામાં નામદાર સુપ્રીમ કોર્ટે, એ. આઈ .આર. ૧૯૭૮ સુપ્રીમ કોર્ટ પાના નં. :- ૪૨૯ ઉપર ગુડકાન્ટી નરસીહુલુ અને બીજાઓ (વિ.) પબ્લીક પ્રોસીકયુટર હાઈકોર્ટ ઓફ આંધ્રપ્રદેશ ઉપર અરજદાર આધાર રાખે છે.

**૨.૧૫** કોઈપણ વ્યકિતને સજા ખાતર જામીન ઉપર ન છોડવાનો હુકમ ફરમાવી શકાય નહી. આ સિદ્ધાંત બાબુસિંગ (વિ.) સ્ટેટ ઓફ યુ.પી. ક્રીમીનલ લો જનરલ ૧૯૭૮ પાના નં. :- ૬૫૧ ઉપર નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. તે સિદ્ધાંત ઉપર અરજદાર આધાર રાખે છે.

**૨.૧૬** અરજદારને જો રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો આદેશ કરવામાં ન આવે તો અરજદાર નિર્દોષ હોવા છતાં અરજદારને ખુબ જ હાલાકી પહોંચે તેમ હોય તેમજ સામાજીક રીતે પણ અરજદારને ઘણું જ સહન કરવું પડે તેમ હોય તેમજ અરજદારે કોઈપણ પ્રકારનો કોઈ જ ગંભીર ગુન્હો કરેલ હોય તેવું પ્રથમ દર્શનીય રીતે પણ ફલીત થતું ન હોય, તેથી અરજદાર રેગ્યુલર જામીન પર મુકત થવાને પાત્ર છે.

**૨.૧૭** અરજદાર જાહેર કરે છે કે કહેવાતા ગુન્હામાં તેઓની કયાંય સંડોવણી નથી અને તેથી તે બાબતની કોઈ મુદામાલની ડીસ્કવરી કે રીકવરી કરવાની નથી અને ભારતના દરેક નાગરીકોને ભારતીય બંધારણે બક્ષવામાં આવેલ આર્ટીકલ :- ૨૦(૩) મુજબ મૌન રહેવાનો અધિકાર છે અને તે અધિકાર અરજદાર કલેઈમ કરે છે.

**૨.૧૮** નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા સતીન્દરકુમાર અંતિલ વિ. સેંટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન અને બીજાઓના ૨૦૨૨ લો સ્યૂટ (સુપ્રીમ કોર્ટ) ૮૧૭ ના કામે જામીન અંગે જે ગાઈડલાઇન્સ આપવામાં આવેલ છે તેના ઉપર અરજદાર આધાર રાખે છે.

**૨.૧૯** અરજદાર જાહેર કરે છે કે જો અરજદારને રેગ્યુલર જમીન પર મુકત કરવાનો આદેશ આપવામાં આવશે તો પોતાની સ્વતંત્રતાનો કોઈ દુરુપયોગ કરશે નહીં.

**૨.૨૦** બી. એન. એસ. એસ. ની કલમ :- ૪૮૩ હેઠળ આપ નામદાર અદાલતને સંજય ચાંદ્રા વિ. સેંટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન અને બીજાઓના ૨૦૧૨ (એસ. સી.સી.) વોલ્યુમ :- ૧, પાનાં નં. :- ૪૦ ઉપર આપવામાં આવેલ ચુકાદા મુજબ રેગ્યુલર જામીનનો આદેશ આપવામાં માટે વિશાળ સતાઓ છે.

**૨.૨૧** તપાસનીસ અધિકારી જે કંઈપણ કલમની એફ. આઈ. આર. લઈને આવે પરંતુ ફરીયાદના તત્વો જોઈને તે ગુન્હો તે જ કલમ મુજબનો છે કે નહીં ? તે અંગેની ખરાઈ કરવા અંગેની વિવેકબુધ્ધિની વિશાળ સત્તા આપ નામ. કોર્ટને છે તેવું અમારૂ નમ્રપણે માનવું છે.

**૨.૨૨** અરજદારને રેગ્યુલર જામીન ઉપર ન છોડવા માટે કોઈ વ્યાજબી કારણ નથી.'' તેમ જણાવી અરજી પેરા-૯ મુજબ અરજ કરેલ છે.

(૩) **ત.ક.અમલદારનું સોગંદનામુ :-** તપાસ કરનાર અમલદારે આંક-પ થી સોગંદનામુ રજુ કરેલ છે તેના પેરા-૩૬ માં એવી હકીકત જણાવેલી છે કે,

**''૩.૧** આ કામના અરજદાર/આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવશે તો ફરી. તથા સાહેદોને ધાક ધમકીઓ કે લાલચ પ્રલોભન આપી ચેન કેન પ્રકારે ફોડવા પ્રયત્નો કરશે અને કેસની તપાસને નુકશાન કરશે તેમજ આ કેસની ગંભીરતાને જોતા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામા આવશે તો સુલેહ શાંતીનો ભંગ થવાની પુરેપુરી શકયતા છે.

**૩.૨** અરજદાર/આરોપીએને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો પ્રજાના માનસ ઉપર કાયદાની વિપરીત અસર પડે તેમ હોઈ અન્ય વેપારીઓ દ્વારા આ પ્રકારના ગુના કરવા પ્રેરાવાની શકયતા હોય તેમજ આરોપી આ પ્રકારના ભવિષ્યમાં અન્ય ગુન્હાઓ કરી અને અન્ય સામાન્ય વેપારીઓને નુકશાન પહોંચાડે તેવી શકયતા છે.

**3.3** આ કામના અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો નામદાર કોર્ટમાં કેસ ચાલે ત્યારે મુદતે હાજર રહે તેવી શકયતા જણાતી ન હોય જેથી અરજદાર/આરોપી વિરૂધ્ધ દાખલા રૂપ કાર્યવાહીના ભાગ રૂપે અરજદાર/આરોપીની જામીન ઉપર મુકત નહી કરવા વિનંતી છે.

આ કામના અરજદાર/આરોપીએ આગોતરા જામીન મળવા ફો.પ.અ. નં-૮૯૯/૨૦૨૫ થી અરજી કરેલ હતી જે આપ નામદાર કોર્ટે ના મંજુર કરેલ હતી અને સદરહુ અરજદાર/આરોપીએ ફરીથી જામીન અરજી દાખલ કરેલ હોય જેથી

નીચે મુજબના લો પણ ધ્યાને લેવા વિનંતી છે.

(1) VIRUPAKSHAPPA GOUDA & ANOTHER V/S STATE OF KARNATAKA & ANOTHER (2017 LAW SUIT(SC))293

(2) STATE OF M.P V/S KAJAD, (2001 LAW SUIT (SC)1192)

(3) STATE OF MAHARASHSTRA V/S CAPTAIN BUDDHIKOTO SUBHA RAO, (1989 LAW SUIT (SC)467)

(4) KALYAN CHANDRA SANKAR V/S RAJESH RAJAN @PAPPU YADAV, (2005 LAW SUIT (SC)87)

જે ઉપરોક્ત મુદ્દાઓ ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન મુક્ત નહી કરવા અમારો સ્પષ્ટ અભીપ્રાય છે.''

## (૪) અરજદાર/ આરોપીના વિધ્વાન વકીલશ્રી ની દલીલ :–

**૪.૧** અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીએ દલીલોમાં જામીન અરજીની હકીકતોનું મોટા ભાગે પુનરાવર્તન કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, આ એક માલ ખરીદ વેચાણનો વ્યવહાર છે અને તેમાં કોઇ જ ગુનો ફરીયાદ મુજબનો બનતો નથી અને ખોટી રીતે તપાસ એજન્સીએ ગુનો દાખલ કરેલ છે અને તે સંજોગોમાં જયારે આરોપી સામે ફરીયાદમાં જણાવેલ ગુનાના તત્વો સંતોષાતા નથી તે સંજોગોમાં અને આરોપીએ માત્ર માલ ખરીદેલ છે અને આર્થીક પરિસ્થીતીના કારણે એટલે કે, આરોપીએ અત્રેથી ખરીદેલ માલ બીજે વેચેલ છે તેના નાણાં આરોપી પાસે ન આવવાથી આરોપીએ આ નાણાં ચુકવેલા નથી અને તે સંજોગોમાં આરોપીને જામીન ઉપર મુકત કરવા દલીલ કરેલ છે.

## (૫) વિધ્વાન એ.પી.પી. શ્રીની દલીલો :–

**૫.૧** વિધ્વાન એ.પી. પી.શ્રીએ દલીલ કરેલ છે કે, હાલના અરજદારનો એકટીવ રોલ પ્રથમદર્શનીય રીતે પુરવાર થાય છે તેથી જામીન અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, એક કરતા વધુ વ્યકિતઓ સાથે આ પ્રકારનો વ્યવહાર આરોપીએ કરેલ છે તે સંજોગોમાં આરોપીની સંડોવણી છતી થાય છે અને હજી તપાસ બાકી છે તે સંજોગોમાં આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરવા માટે દલીલ કરેલ છે.

## (૬) જામીન અરજી નિર્ણિત કરવાના કારણો :

**:૧:** અદાલતે કોઈપણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી સામેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપી સામેના ગુના અંગે ની સજાની જોગવાઈ, આરોપીનો પૂર્વ ગુનાકિય ઈતિહાસ, આરોપી ટ્રાયલ સમયે હાજર રહેશે કે કેમ? આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજ ઉપર પડનારી અસર અને તેની સાથે સાથે આરોપીની વ્યકિતગત સ્વતંત્રતાને લક્ષમાં રાખી જામીન અરજીનો નિર્ણય કરવાનો હોય છે.

**:૨:** આ કામમાં આરોપી સામે જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૨૫૨૫૦૯૧૯ /૨૫ થી બી.એન.એસ.ની કલમ–૩૧૬(૫) મુજબનો ગુનો રજીસ્ટર્ડ થયેલ છે.

**:૩:** આ કામમાં અગાઉ આગોતરા જામીન અરજી રજુ કરેલ તેમાં આ અદાલતે નીચે મુજબનું તારણ કાઢેલુ.

‘‘:૨: આ કામમાં આરોપી સામે જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૨૫૨૫૦૯૧૯ /૨૫ થી બી.એન.એસ.ની કલમ–૩૧૬(૫) મુજબનો ગુનો રજીસ્ટર્ડ થયેલ છે.

:૩: આ કામમાં મુળ ફરીયાદ જોવામાં આવે તો, ફરીયાદીએ ફરીયાદમાં જ એ હકીકત જાહેર કરેલી છે કે, રાકેશભાઇ કારીયાએ ફરીયાદીને એવુ જણાવેલ કે, આરોપી મધુસુદન એન્ટરપ્રાઇઝ નાનમની પેઢી ધરાવે છે જેનો વહીવટ હાલના આરોપી કરે છે અને તે પેઢી સાથે એકાદ વર્ષથી ફરીયાદી વેપાર કરે છે અને માલ વેચે છે અને પેમેન્ટ આઠ દિવસમાં ચુકવી આપવાની શરતે ફરીયાદીએ આરોપી સાથે વેપાર કરેલો અને તે પેટે અગાઉ બે વખત સીંગદાણા આરોપીને મોકલેલા અને તેનું પેમેન્ટ સમયસર આવી ગયેલ અને ત્યારબાદ તા.૧–૧૦–૨૫ તા.૨–૧૦–૨૫, તા. ૩–૧૦–૨૫ અને તા. ૬–૧૦–૨૫ ના રોજ કુલ રૂા. ૭,૮૦,૯૩૭/– નો માલ આરોપીને મોકલાવેલ અને તેની ઉઘરાણી કરતા આરોપીએ બહાના બતાવેલા અને ત્યારબાદ રાકેશભાઇ કારીયા મારફતે ફરીયાદીને જાણવા મળેલ કે, ઘણાં બધા વેપારીઓ સાથે આવો બનાવ બનેલ છે અને ત્યારબાદ ઉઘરાણી કરતા છેલ્લે આરોપીએ એવુ જણાવેલ કે, તેઓ કોઇ વેપારીઓને ઓળખતા નથી અને ઉઘરાણી કરવા આવવુ નહીં અને તે રીતે છેતરપીંડી થયાનો અહેસાસ ફરીયાદીને થયેલો.

:૪: વધુમાં, ફરીયાદમાં જ આ પ્રકારનો વ્યવહાર અન્ય તેર વેપારીઓ સાથે થયેલ છે તેની વિગત ફરીયાદમાં આપેલી છે.

:૫: આ કામમાં તપાસ એજન્સીએ વૃજેશભાઇનું નિવેદન લીધેલ છે. તેઓએ પણ માલ વેચેલ છે અને આરોપીએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધેલ છે અને તેમની સાથે વિશ્વાસઘાત થયાની હકીકત જણાવી છે. તેવી જ હકીકત જીજ્ઞેશભાઇ કિશોરભાઇએ જણાવેલી છે. તેવી જ

હકીકત પરેશભાઇ જેન્તીભાઇએ જણાવેલી છે.

:૬: વૃજેશભાઇએ પણ એવુ જણાવેલ છે કે, શરૂઆતમાં પેમેન્ટ આરોપીએ કરેલ છે અને તેજ રીતે, જિજ્ઞેશભાઇએ પણ જણાવેલ છે કે, અગાઉ આરોપીએ પેમેન્ટ કરેલ અને તેજ રીતે, પરેશભાઇ જેત્નીભાઇએ પણ જણાવેલ છે. ઉપરોકત સાહેદો અને ફરીયાદીની હકીકતથી એ હકીકત પ્રથમ દર્શનીય બહાર આવે છે કે, શરૂઆતમાં આરોપીએ પેમેન્ટ કરેલ છે અને ત્યારબાદના વ્યવહારમાં ઉપરોકત સાહેદો અને ફરીયાદીને પેમેન્ટ કરેલ નથી તે સંજોગોમાં પ્રથમ દર્શનીય રીતે આરોપીનો ઇરાદો શરૂઆતમાં પેમેન્ટ કર્યા બાદ પાછળના વ્યવહારોમાં વેપારીઓને યોગ્ય જવાબ ન આપી અને પેમેન્ટ ન કરી અને તે રીતે પેમેન્ટ ન કરવાનો ઇરાદો પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ ઉપરથી હાલના તબકકે ફલીત થાય છે.

:૭: આ અદાલત આરોપીની એ દલીલ સાથે સહમત થાય છે કે, હાલના તબકકે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૬ ના તત્વો આરોપી સામે સંતોષાતા નથી કારણ કે, આ એક ખરીદ વેચાણનો વ્યવહાર છે પરંતુ, જે વિશ્વાસઘાત છે તેના તત્વો હાલના તબકકે સંતોષાય છે અને હાલના તબકકે પ્રથમ દર્શનીય રીતે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૮(૪) ના તત્વો હાલના આરોપી સામે સંતોષાય છે.

:૮: આરોપી તરફે બીલ માર્ક–૧૨ થી રજુ થયેલ છે પરંતુ આ માર્ક–૧૨ થી આરોપીએ જે માલ વેચેલ છે તેનું પેમેન્ટ થયેલ નથી તેવી હકીકત બહાર આવતી નથી અને આરોપીએ આ જે માર્ક–૧૨ થી રજુ કરેલ દસ્તાવેજો માટે ઉઘરાણી કરી હોય અને પેમેન્ટ ન આવેલુ હોય તેવો કોઇ પ્રથમ દર્શનીય પુરાવો રજુ કરેલ નથી અને તે સંજોગોમાં પ્રથમ દર્શનીય રીતે હાલના તબકકે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૮(૪) ના તત્વો સંતોષાય છે અને એક કરતા વધુ વ્યકિતઓ સાથે આ પ્રકારની એક જ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી વ્યવહાર થયાની હકીકત બહાર આવે છે ત્યારે અને તપાસ બાકી છે ત્યારે આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ નથી.

:૯: આરોપી તરફે નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે.

**(1) 2025(0) AIJEL-HC 250462**

**Dalal Vinodbhai Chothmal Shroof Vs. State of Gujarat.**

"(a) Indian Penal Code, 1860 - S. 406, 409, 420, 504, 506(2), 120B quashing of FIR application for quashing FIR registered for multiple offences including criminal breach of trust and cheating allegations stemmed from a commercial transaction involving unpaid dues for goods delivered by complainant to accused - complainant alleged threats from accused when inquiring about payment - held that the dispute was essentially of a civil nature and the FIR did not disclose essential ingredients of the alleged criminal offences court found that the complainant had misused criminal proceedings to recover dues which should be settled through civil remedies consequently, the FIR was quashed and further proceedings were set aside."

**(2) 2025(0) AIJEL-HC 251059**

**Gumansing Prathvising Parmar Vs. State of Gujarat.**

"mere failure to return entrusted property or a breach of contract, without

establishing requisite dishonest of fraudulent intent, does not fulfil ingredients of a criminal offence.

(a) Code of Criminal Procedure, 1973 - S. 482 - Indian Penal Code, 1860 - S. 23, 24, 114, 1208, 405, 406, 415, 420, 504, 506(2) allegation of criminal breach of trust and cheating arising from commercial transactions involving sale of goods on credit petitions for quashing of FIR it is contended that disputes were civil in nature arising from non-payment in the course of regular business transactions -held, in order to attract provisions of S. 405 IPC, prosecution must establish, cumulatively, essential elements i.e. (i) entrustment of property or dominion over property to accused - (ii) dishonest intention on part of accused, evidenced by misappropriation, conversion to his own use, or disposal of property in violation of any legal contract, to detriment of person who entrusted property - mens rea is an essential ingredient of offence of criminal breach of trust offence of criminal breach of trust, as defined u/S. 405 of the IPC, necessitates the presence of mens rea mere failure to return entrusted property or a breach of contract, without establishing requisite dishonest or fraudulent intent, does not fulfill ingredients of a criminal offence.

-allegation of criminal breach of trust and cheating arising from commercial transactions involving sale of goods on credit petitions for quashing of FIR held, act done with an intention to cause wrongful gain can be said to be dishonest most essential ingredient required to establish offence of criminal breach of trust is misappropriation accompanied by a dishonest intention -mere breach of trust simpliciter does not constitute a criminal offence unless it is associated with a dishonest intent term 'dishonestly', as defined u/S. 24 of IPC, means doing an act with intention of causing wrongful gain to one person or wrongful loss to another thus, offence u/S. 405 would be completed when misappropriation of property has been made dishonestly - in present case, it prima facie emerges that transaction in question pertains to sale of goods on credit in such transactions, property in goods passes from seller to purchaser upon sale, and once purchaser takes possession or acquires dominion over goods, it cannot be presumed that purchaser induced seller to part with goods by deception or fraudulent means therefore, such conduct does not satisfy requirements of criminal breach of trust u/S. 405 IPC in present case, seller sold goods to purchaser on credit based on a promise of future payment subsequent failure of purchaser to fulfill this promise does not ipso facto amount to criminal breach of trust.

-essential ingredients required to constitute offences u/S. 405 (criminal breach of trust) and 415 (cheating) IPC appear to be conspicuously absent allegations, at best, disclose a breach of contractual obligation, which may give rise to civil liability, but do not prima facie attract criminal provisions invoked in FIRs- plain reading of FIR suggests that what is essentially a civil dispute has been cloaked in criminality, giving impression that a plaint which ought to have been instituted before a competent Civil Court for recovery of dues, has instead been converted into a criminal proceeding

-allegation of criminal breach of trust and cheating arising from commercial transactions involving sale of goods on credit petitions for quashing of FIR determination whether modus operandi involving initial timely payments followed by default and absconding constitutes criminal breach of trust or cheating - held, modus operandi, as described by Superintendent of Police, by itself, does not satisfy essential ingredients required to establish an offence u/S. 405 or 415 of IPC.

-allegation of criminal breach of trust and cheating arising from commercial transactions involving sale of goods on credit - petitions for quashing of FIR-in present case, it becomes evident that genesis of dispute lies in a commercial transaction between parties parties, being traders, entered into a sale and purchase agreement for goods on credit, in accordance with mutually agreed terms one party allegedly failed to make payment of sale consideration, thereby giving rise to a dispute - however, such conduct, in absence of any element of fraudulent or dishonest intention from inception, does not prima facie constitute an offence u/S. 406 or 420 of IPC.

**(3) 2023(0) AIJEL-HC 248740**

**Kishan S/o Jayakar Shetty Vs. State of Gujarat.**

"(a) Code of Criminal Procedure, 1973 - S. 438 anticipatory bail Indian Penal Code, 1860 - S. 406, 409, 420, 120B - offences application for anticipatory bail in connection with FIR for multiple IPC offences including cheating and criminal breach of trust - Held that custodial interrogation was not necessary at this stage as the applicant had no criminal antecedents and was willing to cooperate with the investigation allegations appeared to stem from a business transaction rather than a criminal intent - anticipatory bail granted subject to conditions.

(b) Code of Criminal Procedure, 1973-S. 438 anticipatory bail Indian Penal Code, 1860 - S. 406, 409, 420, 120B offences opposition to anticipatory bail by state based on nature and gravity of alleged offences this court considered the gravity of allegations but found no necessity for custodial interrogation given the circumstances presented by the applicant's counsel regarding cooperation and absence of prior criminal record conditions imposed included cooperation with investigation and presence at police station on specified dates.

(d) Indian Penal Code, 1860-S.406, S.409, S.420 & S. 120B - cheating & breach of trust - assessment of allegations related to business transactions leading to criminal complaints instead of civil remedies Held that filing a criminal complaint without pursuing civil remedies suggested an attempt to shortcut legal processes for recovery thus indicating potential misuse of criminal law provisions against the applicant.

1. Shri Gurubaksh Singh Sibbia & Ors. Vs. State Of Punjab, 1980 2 SCC 565: 1980 AIR SC 1632: 1980 (3) SCR 383: 1980 SCC(Cri) 465: 1980 CrLJ 1125

2. Siddharam Satlingappa Mhetre Vs. State Of Maharashtra And Ors., 2011 1 SCC 694: 2011 (2) GLR

1614:2011 (1) GLH 11: 2011 CrLJ 3905: 2011 (99) AIC 242

**(4) 2025(0) AIJEL-HC 249957**

**Dharmishthaben Hareshbhai Pandya Vs. State of Gujarat**

"(a) ....offences under Sections 406, 420, 507 and 114 of IPC - allegations pertain to non-payment for goods purchased and threats administered by accused - Held that the FIR lacks specific allegations against the applicant and fails to establish essential ingredients for criminal breach of trust or cheating - the matter appears to be a civil dispute improperly converted into a criminal case therefore, continuation of prosecution is deemed an abuse of process and the FIR is quashed.

(b) Indian Penal Code, 1860 - S. 406, 420 - criminal breach of trust and cheating - challenge against inclusion in FIR alleging criminal breach of trust and cheating based on business transactions - applicant contends lack of direct involvement in alleged offences Held that mere non-payment does not constitute criminal breach of trust as there was no entrustment involved; thus, essential elements required under Sections 406 and 420 IPC are absent from the allegations made in the FIR - civil remedies should be pursued instead."

પરંતુ હાલના કેસની હકીકતમાં પ્રથમ દર્શનીય રીતે એ હકીકત બહાર આવે છે કે, મોટાભાગે હાલના આરોપીએ શરૂઆતમાં પેમેન્ટ કરેલ છે અને ત્યારબાદ તે માલ ખરીદ કરેલ છે તેનું પેમેન્ટ કરેલ નથી અને વેપારીઓને ઓળખતા નથી તેવો જવાબ ફરીયાદીને આપેલ છે. ફોન ઉપાડતા નથી તેવી જે હકીકત ફરીયાદીએ જણાવેલ છે અને ફોનમાં બહાના બતાવેલા છે તેવી હકીકત ફરીયાદીએ જણાવેલ છે તે જોતા અને આજ પ્રકારનો વ્યવહાર અન્ય સાહેદો-વેપારીઓ સાથે થયેલાની હકીકત ફરીયાદમાં જણાવેલ છે તે જોતા પ્રથમ દર્શનીય રીતે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૧૮(૪) ના તત્વો સંતોષાતા હોય'’

**:૪:** આ કામમાં બનાવ તા. ૨૫-૧૨-૨૫ ના રોજ બનેલ છે અને આરોપીની જામીન અરજી મુજબ આરોપીની ધરપકડ તા.૩-૩-૨૬ ના રોજ કરેલી છે. આ તા. ૨૫-૧૨-૨૫ થી તા. ૩-૩-૨૬ સુધી કરેલા પ્રયત્નોમાં આંક-૬ નું સોગંદનામુ ત.ક.અ.નું જોવામાં આવે તો તેમાં નીચે મુજબની હકીકત આવે છે.

‘’વિષય : જામીન અરજીના કામે આરોપીના ઘરે આરોપીની થયેલ તપાસની વિશેષ રજુઆત.

જયભારત સાથ એફ.બી.ગગનીયા પોલીસ ઈન્સ્પેકટર જુનાગઢ તાલુકા પો.સ્ટે.નો વિનંતી રીપોર્ટ કે,

આ કામના અરજદાર આરોપીના ઘરે તા.૨૫/૧૨/૨૦૨૫ ના રોજ વલસાડ ખાતે પો.સ.ઈ. એસ.કે.ડામોર નાઓ તપાસમા જતા ઘરે હાજર મળી આવેલા ન હતા તેમજ આરોપીના ઘરે આરોપીના પત્નિ મીલીબેન વા/ઓ કિશનભાઈ સવસાણી ઉ.વ.૩૦ ધંધો.ઘરકામ રહે.વલસાડ, ધરમપુર ચોકડી પાસે ઈશાન પાર્ક મારૂતી એપાર્ટમેન્ટ મ.નં.૪૦૧ વાળા હોય જેઓની પુછપરછ કરતા તેમના પતિ મધુસુદન એન્ટરપ્રાઈઝ નામથી સીંગદાણાનો વેપાર કરતા

હોય અને હાલમાં તેમની દુકાન બંધ કરી દીધેલ છે અને પોતાના ઘરે આવતા નથી તેવી હકીકત જણાવેલ.

આ કામના અરજદાર આરોપીના ઘરે તપાસ કરતા આરોપી ઘરે હાજર મળી આવેલ ન હોય જે બાબતે આરોપીના ઘરે જરૂરી મહીલા કર્મચારીને સથે ઘરની ઝડતી તપાસ કરવામા આવેલ છે જે અંગેનુ ઝડતી પંચનામુ પણ કરવામા આવેલ છે.

આ કામના આરોપીના ઘરે તપાસ કરતા આરોપી ઘરે હાજર મળી આવેલ ન હોય જેથી આરોપીના મોબાઇલ ૮૭૩૫૯૫૯૫૯૬, ૮૯૦૫૯૫૯૫૯૬ વાળા નબરનોની કોલ ડીટેલો મંગાવવામા આવેલ જે કોલ ડીટેલો આવી જતા આરોપીના મોબાઇલ નબરની કોલ ડીટેલનુ એનાલીસીસ કરવામા આવેલ અને આરોપીના મોબાઇલ નંબર બંધ આવતો હોય જેથી આરોપીના મોબાઇલ નબરમા ઉપયોગમા લેવાયેલ મોબાઇલના આઇ.એમ.ઇ.આઇ. નંબરની ડીટેલ મંગાવવામા આવેલ જે મોબાઇલમા આ સિવાય અન્ય કોઇ સી. ચડેલાનુ જણાઈ આવેલ નહી.

આ કામના આરોપીનો મોબાઇલ બંધ આવતો હોય જેથી આરોપીની તપાસમા રહેવા સારૂ વલસાડ સીટી પોલીસ સ્ટેશન ખાતે લેખીત યાદી આપવામા આવેલ.

બાદ આ કામના આરોપીની તપાસ કરવા સારૂ અમારા ખાનગી બાતમીદારોને આરોપીની હકીકત મેળવવા સારૂ જાણ કરવામા આવેલ હતી અને અવારનવાર આરોપીની વોચ કરવા બાતમીદારોને જાણ કરવા મ આવેલ જેમા જણાઇ આવેલ કે આરોપી પોતાની પાસે કોઈ મોબાઇલ ફોન રાખતો નથી અને એક સીટી થી બીજા સીટીમા ફરે છે જેથી આરોપી એક સીટી થી બીજા સીટીના કઇ રીતે અને ક્યા વાહનમા જાય છે તેની જાણકારી મેળવતા બાતમીદારોને સક્રીય કરેલ અને બાતમીદારો મારફતે જાણ થયેલ કે આ કામનો આરોપી ખખાનગી બસ મારફતે રાજકોટથી સુરત જઇ રહેલ છે જેથી ચોટીલા પોલીસ સ્ટેશનના સ્ટાફને ટેલીફોનીક જાણ કરી મદદ મેળવી આરોપીને પકડવામા આવેલ છે.''

**:૫:** આમ, તા.૨૫–૧૨–૨૫ ના રોજ ગુનો આરોપી સામે રજી. થયેલ હોવા છતા અને આરોપીની આગોતરા જામીન અરજી તા.૩૧–૧૨–૨૫ ના રોજ કરેલ હોવા છતા આરોપી તા. ૩–૩–૨૬ સુધી તપાસ એજન્સીને હાથ લાગેલ નથી અને કોઇપણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી તપાસમાં હાજર રહેશે કે કેમ? તે હકીકત પણ અદાલતે ધ્યાનમાં લેવાની હોય છે. આ કેસમાં તપાસ બાકી છે અને આરોપી સામે અગાઉ તારણ કાઢેલુ તે મુજબ બી.એન.એસ.ની કલમ–૩૧૮(૪) ના તત્વો પ્રથમ દર્શનીય રીતે સંતોષાય છે અને તે સંજોગોમાં ખાસ કરીને આરોપી તપાસ એજન્સીને હાથ લાગેલ નથી તે હકીકત લક્ષમાં લેતા આરોપીએ રજુ કરેલ ચુકાદો નામ. ગુજરાત વડી અદાલતનો 2023(0) AIJEL-HC 248740 Kishan S/o Jayakar Shetty Vs. State of Gujarat. નો લાભ આરોપીને મળી શકે તેમ નથી તે સંજોગોમાં હાલની જામીન અરજી મંજુર કરવી ન્યાયીક જણાતુ ન હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## : : હુકમ : :

**(૧)** અરજદાર/આરોપી કિશનભાઈ મનોજભાઈ સવસાણી તે મધુસુદન એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર, રહે. વલસાડ નાઓની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબની જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.ઈઈઈ

હુકમ આજ તા.૧૩મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તા. ૧૩ –૦૩–૨૦૨૬
સ્થળ : જુનાગઢ.

**(ભુપેન્દ્રકુમાર જી.દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ જુનાગઢ
(કોડ નં.જીજે૦૦૪૬૯)